# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૧૫ • તા. ૨૨ સપ્ટેમ્બર થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.













## હસ્ત કળાકારીગરીમાં નિપુણ

# પદ્મિનીબેન પીર

ઉપરના જોશો, આકાશ વરસી પડશે,
નીચેના જોશો, પથ્થર પીગળી જશે,
સામેના જોશો. નજર ઝૂકી જશે,
પણ પાછળ જરૂર જોજો કારણકે,
તમારા વિના કોઈ એકલું રહી જશે.

- અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# વૃધ્ધત્વ એક વૈભવ કે વેદના?

સામાન્ય રીતે માનવનું આયુષ્ય સો વર્ષ ગણાય છે. જો કે કાળક્રમે આ વય આંકમાં ઘટાડો આવતો ગયો છે. આજના સમયમાં સરેરાશ ઉંમર ૭૮ થી ૮૦ વર્ષ ગણાય છે. ખોટા ખાન-પાન, પ્રદુષિત પર્યાવરણ, વિકૃત થયેલી પ્રકૃત્તિ, ઝાડ, જંગલનો નાશ, નદી સરોવરના બગડેલા જળ, મોસમની અનિયમિતતા આ બધા કારણોસર આયુષ્ય આંક નીચે ગયો છે એ હકિકત છે.

આપણે પચાસે પહોંચ્યા કે સૌ કહે અડધું આયખું પૂરું કર્યું. આયુષ્યનો અડધો રસ્તો પૂરો કર્યો. પચાસની વય વન પ્રવેશની ઉંમર કહેવાઈ છે. આ ઉંમર જીવનના સોનેરી વળાંકની છે અને આ ઉંમરથી જ સરસ રીતે આયોજનપુર્વક અને અર્થપૂર્ણ પધ્ધતિથી જીવનને માણવાનું શરૂ કરવું જોઈએ.

વૃધ્ધત્વ એક વૈભવ છે. બચપણ એટલે અભાન અવસ્થા, સૌથી બે ખબર બેફિકરાઈથી નિર્દોષ થઈ વિતતું જીવન. યુવાની એટલે ગધ્ધા પચ્ચીસી. નિરાંત વગરનું જીવન સમય મળતો નથી. સતત પસીનો વહેવડાવવાની આ વય. જ્યારે વૃધ્ધત્વ એટલે અખૂટ વૈભવ. આ વૈભવ નિરાંતનો, મોકળાશનો અને અનુભવ, જ્ઞાનનો, સમજણનો છે.

જીવનભર ઝંખેલી મોકળાશ આમ અચાનક મળવાથી વડીલ દુ:ખી હોય છે. કારણ કે આ મોકળાશ કેવી રીતે ગાળવી, કેવી રીતે માણવી તેનું પધ્ધતિસરનું આયોજન એ કરતો નથી. એથી આ નિરાંતનો વૈભવ તેના હાથમાંથી સરકતો જાય છે. છેવટે વેડફાઈ જાય છે.

મોકળાશ એટલે મનગમતુ કાર્ય કરવાની સમૃધ્ધિ. માંડ મળેલી નિરાંતને કર્મશૂન્ય બની વેડફી ન જોઈએ. જીવનસાથી પરિવારના પ્રત્યે જણ, સગા સંબંધીઓ કે મિત્રો સાથે ગાળવા ન મળેલી ક્ષણો ને પાછી હાથ વગી રાખવાનો આ ગાળો છે. સાહિત્ય, સંગીત, પ્રવાસ કે પ્રકૃત્તિને માણવાની અધૂરી રહેલી આંકાક્ષાને પૂરી કરવાની ગતિ રાખવી એ આ વય ઘટનો ગાળો છે.

મન પ્રસન્ન અને પ્રેમ અનુભવે એ તક વૃધ્ધત્વમાં મળે છે. જે જાણવા નથી મળ્યું, માણવાનું રહી ગયું છે. એને પૂર્ણ કરવું એ માટે નક્કર પ્રયાસ કરવા જોઈએ. વડીલ એટલે અમારો જમાનો, અમારો સમય અમારો. અમારા વિચારો, અમારો વ્યવહાર. આપણી ઈચ્છાનુસાર દુનિયા ચાલે એવો આગ્રહ રાખવો એ યોગ્ય નથી. આ ઉંમર છે સમય સામે થવાની કે તરવાની નહીં, સમયના વહેણ સાથે વહેવાની. તો જ મોજ અને મજા મળશે. વૃધ્ધ થયા તેથી પ્રસન્ન ન થવું એ જડ નિયમ બાદ કરી પ્રસન્ન ન રહ્યાં તેમજ વૃધ્ધ થઈ ગયા એ યાદ રાખશો તો સૌને ગમશો.

આ ઉંમરમાં શીખવાનું છે એટલું જ કે પોતે સ્વતંત્ર રહેવું અને બીજાને સ્વતંત્ર રહેવા દેવું વાત વાતમાં દખલગીરિ સૌને કંટક સમાન ભાસે છે. કોઈ માંગે ત્યારે યોગ્ય સલાહ, સૂચન આપો. હઠાગ્રહ છોડી નાની નાની વાતો ના જડ પકડી શક્તિ ન વેડફો, જીદ અને આગ્રહ છોડો. બધા પરિવર્તન ખરાબ નથી હોતા, વિનાશકારી નથી હોતા એ સ્વીકારતા શીખો. આવતી કાલ સવારની ઉષા સોનેરી ઉગશે એવા પ્રયાસોને તમારો સબળ ટેકો આપો.

સંતાનો માટે તમે લોહી પાણી એક કર્યું એક દરિયો તરાવીને એને કિનારો લાવી આપ્યો. હવે એ તેઓ પોતાનું સંભાળશે. તમે તેમનામાં રોપેલા સંસ્કારો માટે હવે નચિંત રહો. જીવન સાથી સાથે હવે પ્રેમ, આનંદથી રહો, માવજત કરો. હવેનો સંગ ઓછો હશે એ સમજી ભરપૂર જિંદગી જીવી લો.

છેલ્લે એક મહત્વની વાત

આખી દુનિયા ફરીને ઘેર આવે ત્યારે તેના થાક ઘરમાં ઉતરી જાય પણ, જે માણસને ઘરનો થાક લાગે તેનો થાક આખી દુનિયામાં ક્યાં ઉતરી શકતો નથી.

જય જ્ઞાતિમૈયા

# હસ્ત કળાકારીગરીમાં નિપુણ પદ્મિનીબેન પીર




પરંપરાગત રાસ અને ભરતકામ એ કચ્છી દશા ઓશવાળ સમાજની શાન છે. મુંબઈમાં માતાજીની પહેડી વખતે ટ્રેડિશનલ પોશાકમાં સજ્જ પુરુષો અને સ્ત્રીઓને રાસ રમતાં જોવાની મજા કંઈક ઓર છે. જ્ઞાતિની દીકરીના લગ્ન થાય ત્યારે આખી ભરેલી સાડી, ભરતકામ કરેલાં બ્લાઉઝ, ચોલી આપવાની પ્રથા હતી. હજુ ક્યાંક આ પ્રથા ચાલુ રહી છે. દીકરીના માતા આખું વરસ ભરતકામ કરે ત્યારે એક સાડી તૈયાર થતી. પૂનામાં આ સમાજના પદ્મિનીબેન પીર રહે છે. કર્વેનગરમાં એમનું નિવાસ છે. એમના ઘરમાં નજર માંડો તો કલા કારીગરીની અનેક ચીજ વસ્તુઓ જોવા મળે. નાનપણથી એમને કળામાં રૂચિ જાગી. એ પછી એમણે શિક્ષણ લીધું. જે જે સ્કૂલ ઓફ આર્ટસમાં પાંચ વર્ષનો ફાઈન આર્ટસનો કોર્સ કર્યો. સોફાયા કોલેજમાં ટેક્સ્ટાઈલ ડિઝાઈનિંગ ભણ્યા. મ્યુરલ આર્ટ, સ્ક્રીન પ્રિન્ટિંગનો કોર્સ કર્યો. આટલી બધી તાલીમના કારણે તેઓ પૂર્ણ કલાકાર તરીકે વિકસ્યાં. કળાની વિવિધ શાખાઓમાં નિપુણ્ય પ્રાપ્ત કર્યુ.

વરાડીયાના માતા નિર્મળાબેન અને પિતા કુલીનકાંત નારાણજી મોમાયા, નારાણજી શામજી વાડી માટુંગાવાળાના પુત્રી અને મૂળ સુથરીના હાલે પુના રહેતા પદ્મિનીબેન વિજયભાઈ પીર-લોડાયા આજે ૬૨ વર્ષની ઉંમર છતાં કળા પ્રત્યેની સજ્જતાથી તેઓ સક્રિય છે. ગ્રીટિંગ કાર્ડ, ગીફ્ટ કવર, ફોટો ફ્રેમ, ઉપરાંત વેસ્ટમાંથી બેસ્ટ આઈટમોમાં તેમની કુશળતા આબાદ છલકે છે. કોટન-કપાસને કલર કરી તેમાંથી વિવિધ ચીજો, રમકડાં એટલે કે ટોયસ વિગેરેના સર્જનમાં તેઓ કાબેલિયત ધરાવે છે. મીનીચેર આર્ટસના તેઓ નિપુણ કલાકાર છે. પ્રાથમિક, માધ્યમિક અભ્યાસ જે.બી. વાચ્છા સ્કૂલ માટુંગા કર્યું.



તેમની બે પુત્રીઓમાં મોટી કોમલ જે મેકઅપ આર્ટિસ્ટ છે. જ્યારે નાની પુત્રી ધીરા સાયકોલોજી કાઉન્સિલર તરીકે એક્ટિવ છે.

### પેઈન્ટિંગનું પ્રદર્શન યોજ્યું

બાળ ગાંધર્વ આર્ટ ગેલેરી-પૂનામાં તેમનાં પેઈન્ટિંગ્સનું પ્રદર્શન યોજાયું હતું જેનું ઉદ્ઘાટન પૂનાના કલેક્ટરે કર્યુ હતું. ૪૦ પેઈન્ટિંગ્સ પ્રદર્શિત કરાયાં હતા. મિનિએચર, પ્રોટ્રેટ અને કલાસિકલ ડ્રોઈંગમાં સ્ત્રીના ચહેરા અને જનરલ ચિત્રો પ્રદર્શિત કરાયાં હતાં.

### વનસ્પતિની સૂકવણી કરીને ગ્રીટિંગ કાર્ડ બનાવ્યાં

એકવાર ફોરેસ્ટ ઓફિસર હિરાચંદ લાલકા સાથે મુલાકાત થઈ. તેમના માર્ગદર્શનથી કચ્છની વનસ્પતિઓની સૂકવણી કરીને ગ્રીટિંગ કાર્ડ બનાવી. ૧૨૦૦ જેટલાં કાર્ડ બન્યાં હતાં.

આ કાર્ડનું પહેલું પ્રદર્શન પૂનામાં થયું. એ પછી ભુજમાં ક્યુરેટર દિલીપ વૈધના સહકારથી કચ્છ મ્યુઝિયમમાં થયું. ૧૯૮૬-૮૭ની સાલમાં બ્રિટિશ હાઈકમિશને ઉદ્ઘાટન કર્યુ હતું. એ પછી કોઠારા, માંડવી, ગાંધીધામ, આદિપુર કોલેજમાં પ્રદર્શન થયા.




# હસ્ત કળાકારીગરીમાં નિપુણ પદ્મિનીબેન પીર (૪થા પાનેથી ચાલુ)






### ફળ-ફૂલનું ટેબલ ડેકોરેશન

પદ્મિનીબેન શાકભાજી-ફળફૂલનું ટેબલ ડેકોરેશન કરે છે. દૂધી અને કોળાંમાં કારવીંગ કરીને તેમાં ડેકોરેશન કરે છે. મ્યુરલ અને કચ્છી ભરતકામનું પ્રદર્શન ભુજ ઈંગ્લિશ સ્કૂલમાં બાંધણીના કટિંગ કરી તેમાંથી પેચીસ બનાવીને ગ્રીટિંગ કાર્ડ બનાવ્યાં હતાં. આ પ્રદર્શન કાંતિસેન શ્રોફે ખુલ્લું મુક્યું હતું,




### માટલા પર ડેકોરેશન

પદ્મિનીબેન માટીકામ કળા પણ જાણે છે. જાણીતા કરીગર બુઢાચાચા પાસે બેસીને જુદી જુદી ડિઝાઈનના માટલાં તૈયાર કરાવ્યાં હતાં. હાલમાં અબ્દ્રેમાન અને અલીમામદ નામે પિતા-પુત્ર માટી કળાના નિષ્ણાત છે. પદ્મિનીબેને કારીગરોએ બનાવેલાં માટલાં પર ડેકોરેશન કર્યુ છે.આ વસ્તુઓ છેક બેંગલોર સુધી પહોંચી. બાંધણીના બંધ બાંધે ત્યારે દોરાનું ગુંડીયુ બને છે. બોમ્બે નેચરલ સોસાયટીના સહયોગમાં આ ગુંડીયાંથી રંગીન પક્ષી બનાવ્યાં. તે વેચાણમાં મૂક્યાં હતાં. ૪×૪ અને ૪×૮ ની સાઈઝની શો ટાઈલ્સ પર ડેકોરેશન કર્યું. આ કળાકૃતિઓ વેચાણમાં મૂકી હતી. ટાઈલ્સના ઘડિયાળ પણ બનાવ્યાં.

### જૂનાં કપડામાંથી તોરણ બનાવ્યાં

પદ્મિનીબેન પોતાની કળાયાત્રાનું વર્ણન કર્યુ. વેસ્ટમાંથી બેસ્ટમાં હાથ અજમાવ્યો છે. જૂનાં કપડાંનો બેઝ બનાવી તેના પર જરીકામ કર્યુ ને તેમાંથી તોરણ બનાવ્યાં. તોરણમાં ઘણી વેરાયટી છે. છ ફૂટની લંબાઈ સુધીના તોરણ બનાવ્યાં છે. લગ્ન પ્રસંગે સુશોભિત છાબ વપરાય છે. આવી ડિઝાઈનર છાબ પણ બનાવે છે. ડિઝાઈનર દીવડા, આરતી, ઉપરાંત મ્યુરલમાં માટીનું બળદગાડું, ભૂંગાના ડેકોરેટીવ પીસ ઘણા બનાવ્યા.

### સાઉથ કૉટનની સાડીની બાંધણીવો ટ્રેન્ડ શરૂ કર્યા

કચ્છમાં સાઉથ કૉટનની સાડી પર બાંધણી બાંધે છે. આ ટ્રેન્ડ તેમણે શરૂ કરાવ્યાં છે. સાઉથ કૉટનની સાડીઓ લઈને ખત્રીઓને આપી હતી અને તેના પર બાંધણી થઈ શકે તેની સમજ આપી હતી. તેમના કામની વિશેષતા એ છે કે, કલર-કોમ્બિનેશન અને ફિનિશિંગ ધ્યાન ખેચે છે. મારા ઘરમાં કળાકારીગરીની અનેક વસ્તુઓનો ભંડાર છે. મને શોખ છે એટલે કરું છું. મારી કળા બીજાને મળે એ માટે બે વર્ષ ક્લાસ ચલાવ્યા હતા. મને કળાની ભેટ-પિતા કુલીનકાંત વરાડિયા ગામના મોમાયા પાસેથી મળી છે. તેઓ આર્ટ અને વાંચનના શોખીન છે. ડ્રોઈંગની પરીક્ષા આપી હતી. ઘરમાં ડ્રોઈંગ કરતા. એમને જોઈ જોઈને મને રસ જાગ્યો.

### કળાકારીગરીની વસ્તુઓનું વેચાણ કયાં કરવું?

પદ્મિની પીરે અફસોસ વ્યક્ત કરતાં કહ્યું કે હું જે વસ્તુઓ બનાવું છું. તેનું વેચાણ કયાં કરવું એ મોટી સમસ્યા છે. કોઈ સંસ્થા આગળ આવે, માર્કેટિંગ કરે અને વેચાણ કરે તો બીજી બહેનોને મારી કળા શીખવવી લેખે લાગે.

# અમદાવાદ મધ્યે હેરીટેજ ચૈત્ય પરિપાટી યોજાઈ





શ્રી પર્યુષણ મહાપર્વ દરમિયાન કરેલ ધર્મ આરાધનાની પરિપૂર્ણતા ના રૂપે રાજેશ ધરમશી, કેતન લોડાયાઅને દેવેશ દંડની જોશીલી યુવા ટીમ નવયુગ યુથ ફોરમ, અમદાવાદ દ્વારા હેરિટેજ ચૈત્ય પરિપાટીનું આયોજન ખૂબ જ સુંદર રીતે કરવામાં આવેલ. અમદાવાદની પોળોના ૩૦૦ વર્ષથી વધુ પ્રાચિન જીનાલયોની ચૈત્ય પરિપાટીમાં ૨૦ જેટલી ઓટો રીક્ષા અને ૩૦ થી વધુ વ્હીકલ થી ૧૧૦ થી વધુ જ્ઞાતિજનો એ પૂજા, દર્શન નો લાભ લીધેલ. આ જાત્રાના સંઘ પતિ શ્રીમતી શિલાબેન નીતિનભાઈ મોમાયા હતા.




આપ સૌ જ્ઞાતિજનોને જણાવતા આનંદ થાય છે કે તા. ૧૬-૯-૨૦૧૮ રવિવારની ચૈત્ય પરિપાટીમાં આપણા સંઘને પ.પૂ. મુનિરાજ શ્રી અનંતરત્ન સાગરજી મહારાજ સાહેબ તેમજ ચાતુમાસાર્થે બિરાજમાન પ.પૂ. સાધ્વીશ્રી મુક્તિરત્નાશ્રીજી અને પ.પૂ. સાધ્વીશ્રી સંસ્કારનિધિ મ.સા. ની પરમ નિશ્રા પ્રાપ્ત થયેલ. પર્યુષણ મહાપર્વ બાદ ચૈત્ય પરિપાટીનું અનેરૂં મહત્વ હોય છે, એમાં પણ ચર્તુવિધ સંઘ સાથેની ચૈત્ય પરિપાટી એટલે સોનામાં સુગંધ. ચૈત્ય પરિપાટીમા નવકારશી અને બપોરના ભોજનની પણ વ્યવસ્થા રાખવામાં આવેલ.





જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# સમસ્ત મહાજન દ્વારા આયોજીત જ્ઞાતિનું ૪થું સંમેલન-નલિયા(કચ્છ)

નલિયા મહાજનના યજમાન પદે જ્ઞાતિનું ૪થું સંમેલન શેઠ ભવાનજી અરજણ ખીમજી નગર, કચ્છ નલીયા ખાતે ડીસે. ૨૩,૨૪ અને ૨૫, ૨૦૧૮ દરમ્યાન યોજવાનું નક્કી થયેલ છે. આ સંમેલનમાં આપણા વતનના સ્થાનિક મહાજન ઉપરાંત ભારતભરમાંના મહાજનોના ગામની વસતીના પ્રમાણમાં (દર દશ ઘર દીઠ પ્રતિનિધિ) નિમાયેલા પ્રતિનિધિઓ ભાગ લેશે. લગભગ ૮૦૦ પ્રતિનિધિઓ ત્રણ દિવસના સંમેલનમાં હાજર રહેશે. આ ઉપરાંત આ વર્ષે સંમેલનની સાથે ત્રણે દિવસ મહિલાઓનું પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન અને યુવાઓનું પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન નલીયા ખાતે સંમેલનના સ્થળની બાજુમાં બે જુદા જુદા ડૉમમાં યોજાશે. આ દરેક અધિવેશનમાં ૩૦૦ પ્રતિનિધિઓ હાજર રહેશે, જ્યાં તેઓને યોગ્ય માર્ગદર્શન સાથે ભવિષ્યની કામગીરી બાબત જવાબદારીઓ સોંપાશે.

પ્રથમ દિવસે સવારના અચલગચ્છાધિપતિ પ.પૂ. આ ભગવંત શ્રી ગુણોદયસાગર સુરિશ્વરજીના માંગલિક અને પ્રાસંગિક ઉદ્‌બોધનથી સંમેલનની શરૂઆત થશે. સંમેલન પ્રમુખ એવં સેક્રેટરી જનરલના આવકાર બાદ મુખ્ય અતિથિ દ્વારા સંમેલનનું ઉદ્‌ઘાટન થશે. તેમજ તે સ્થળેથી મહિલા અને યુવા સંમેલનનું ઉદ્‌ઘાટન જાહેર થશે. મુખ્ય અતિથિના વ્યક્તવ્ય બાદ સંમેલનના દાતાઓનું અભિવાદન કરાશે. આ બેઠકમાં સંમેલનના પ્રતિનિધિઓ, આમંત્રિતો અને ગણમાન્ય અતિથિઓ હાજર રહેશે.

બપોરની બેઠકમાં સમસ્ત મહાજનને મહાજનો એવં જ્ઞાતિજનો દ્વારા આવેલ સુચનો તારવીને વિષય વિચારણી સમિતિએ આપેલ મુદ્દાઓ પર ચર્ચા કરવા ખરડા સમિતિ રજુઆત કરશે અને ચર્ચા બાદ ખરડા (ઠરાવ) પસાર કરાશે.

બપોરની બેઠકથી મહિલા એવં યુવાઓના અધિવેશનની જુદા જુદા ડોમમાં શરૂઆત થશે અને તેઓ પોતાની ભૂમિકાઓ ત્રણ દિવસના સંમેલનમાં નક્કી કરશે. જ્ઞાતિના વડીલો, બહારથી બોલાવેલા ટ્રેનરો/વક્તાઓ દ્વારા માર્ગદર્શન અપાશે.

રાતના સાંસ્કૃતિક કાર્યક્રમ સંમેલનના મુખ્ય મંડપમાં બે/ત્રણ કલાકનો રજુ થશે. બીજે દિવસે ૪થા સંમેલન પ્રતિનિધિઓ બાકી રહેલા મુદ્દાઓ પર ચર્ચા કરીનો ખરડા પસાર કરશે. આ બંને દિવસ સંમેલનમાં મહાજનોના પ્રતિનિધિઓ ભાગ લેશે અને જ્ઞાતિને ભવિષ્યના કાર્યો અંગે કાર્યક્રમ ઘડવા નિયમો રજુ કરશે. રોજ રાતના સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

જ્ઞાતિજનો પહેલે દિવસે સવારના ઉદ્‌ઘાટન સમારંભમાં પ્રેષક ગેલેરીમાં હાજરી આપી શકશે. જે જ્ઞાતિજનો પધારે તેને પોતે રહેવાની વ્યવસ્થા કરવાની રહેશે. ભોજન વ્યવસ્થા સંમેલન સ્થળે હશે. બીજે દિવસે તેઓ પ્રેષક ગેલેરીમાં હાજર રહી શકશે.

ત્રીજે દિવસે સવારના નલીયા ગામમાં સંમેલનની શોભાયાત્રા ગામના રસ્તાઓ પર ફરીને સંમેલન સ્થળે પધારશે. આ શોભાયાત્રામાં સંમેલનના દાતાઓ, જેમનું બહુમાન થવાનું છે એવા જ્ઞાતિના વિવિધક્ષેત્રે કીર્તિમાન હાંસલ કરેલ જ્ઞાતિજનો, ત્રણે સંમેલનના પ્રતિનિધિઓ, આમંત્રિતો, નલીયા ગામના જ્ઞાતિજનો, ગામવાસીઓ એવં અબડાસા તાલુકા તથા કચ્છ જિલ્લાના રાજકીય આગેવાનો સામેલ હશે.

શોભાયાત્રા પછી સંમેલનના આયોજક નલિયા મહાજન એવં સમસ્ત મહાજનનો બહુમાન કાર્યક્રમ યોજાશે. જ્ઞાતિના કીર્તિમાન હાંસલ કરેલ જ્ઞાતિજનોનું સન્માન કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં જ્ઞાતિજનો હાજર રહી શકશે બપોરના ગત બે દિવસમાં સંમેલને પસાર કરેલ ઠરાવોની જાણકારીઓ આપવામાં આવશે અને અન્ય જાણકારીઓ આપવામાં આવશે.

રાતના સંસ્કૃતિક કાર્યક્રમ બાદ સંમેલનની પુર્ણાહુતિ થશે.

યુથફેસ્ટ ૨૦૧૮માં રજીસ્ટ્રેશન માટે http:\\bit.ly/regyouthfest2018 લીંક પર સંપર્ક કરી વિગત મેળવી ફોર્મ ભરવું. વધુ વિગત માટે સંપર્ક મોબાઈલ નં. ૯૭૬૯૫૦૨૨૭૭ / ૯૫૭૯૭૮૭૮૦૦/૯૭૬૯૯૯૧૯૨૨ પર સંપર્ક કરવો. નારી શક્તિ ૨૦૧૮ માં સહભાગી થવા લીંક https:\\docs.google.com/froms/d/e/1FAIpQLSfCpag5hr46HHZQE3XLCfB5OaGRV_DUXgkv6_Vg4P8r_ywN_g/viewform ઓપન કરી સબમીટ કરશો. સંપર્ક : મનીષભાઈ લોડાયા ૯૭૬૯૯૯૧૯૨૨.

# કોઠારામાં પર્યુષણ પર્વની શાનદાર ભક્તિ કરાઈ




અબડાસા તાલુકા મોટી પંચતીર્થીનાં કોઠારા ગામે પૂ.સા.શ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.ની શુભ પાવન નિશ્રામાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની તપજપ સાથે ભવ્યતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

કલ્પસૂત્ર ધૃત ૧૫૧ મણમાં મહેશ ગોવિંદજી અજાણીએ જ્યારે પ્રભુજીનું પારણું ધૃત-૧૫૧ મણમાં જીનાલી પ્રિતેશ પટેલ પરિવારજનોએ પધરાવેલ. સ્વપ્નાનું કુલ્લ ધૃત-૧, ૩૨,૧૬૫ મણ જ્યારે પર્યુષણ મહાપર્વ દરમ્યાન ટોટલ ધૃત ૧,૮૦,૭૪૮ મણ થયેલ. શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા પર્યુષણ દરમ્યાન આઠે દિવસ બપોર-સાંજ સ્વામિવાત્સલ્ય-સંધ્યા ભોજનનું આયોજન કરવામાં આવેલ. વ્યવસ્થા હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, તથા કાર્યકરોએ સંભાળી હતી.

ત્રીજનાં દિવસે શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા પાઠશાળામાં ધાર્મિક શિક્ષણ મેળવતા ભાઈ-બહેનો-બાળકોનું સન્માન કરી, મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. વ્યવસ્થા પાઠશાળાના શિક્ષિકા કુ. તોરલબેનનું પણ સન્માન કરી. તેઓની સેવાઓને બિરદાવવામાં આવેલ. ચોથનાં દિવસે તપસ્વીઓનું બહુમાન કરવામાં આવેલ. અઠ્ઠાઈ તપારાધકો શ્રીમતિ સરલાબેન દીનેશ મોતા, શ્રીમતિ નયના દિવેશ મુનવર, વર્ષિતપારાધક લીનાબેન રાયચંદ લોડાયા, મધુરીબેન રતિલાલ નાગડાનું કોઠારા જૈન મંડળ દ્વારા બહુમાન કરવામાં આવેલ.

છઠના દિવસે ''સમૂહ ક્ષમાપન'' કાર્યક્રમ યોજાયો હતો. પૂ.સા. શ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.એ વેરનું વિસર્જન કરી, પ્રેમનું સર્જન કરવા સમજ પૂરી પાડી હતી. લક્ષ્મીબેન ક્ષમાપના ગીત રજુ કર્યુ હતું. કુ. તોરલબેન શાહનંદ, રાયચંદ લોડાયા, દિનેશ અજાણી, મણીલાલ છેડાએ પ્રાસંગિક ઉદ્‌બોધનન કરેલ. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે કર્યુ હતું. પાંચમનાં પૂજ્ય શ્રી સાથે ચૈત્યપરિપાટી યોજાઈ હતી.

મહાપર્વે પ્રભુજીની નિત નવી આંગી રચના જોવા ભાવિકો જિન દ્વાર સુધી પહોંચ્યા હતા. રાત્રિ ભાવનામાં સ્થાનિક ઉગતા કલાકારોએ ગીત સંગીતની ભારે રમઝટ જમાવી હતી. દરરોજ સવારે વ્યાખ્યાન દરમ્યાન શ્રી ભક્તામર ડ્રો યોજાયા હતા.

વ્યવસ્થામાં રાયચંદ લોડાયા, દીનેશ અજાણી, વીરચંદ ધરમશી, હરીશ મુનવર, લહેરચંદ લોડાયા, પ્રબોધ મુનવર, દેવેન્દ્ર જીવાણી, શાંતિલાલ ધરમશી, ધનપતિ લોડાયા, દિનેશ મોતા, મણીલાલ છેડા, મયુર નાગડા, પ્રદિપ મુનવર, મહેન્દ્ર લોડાયા કાંતીલાલ લાલકા, રમણિક શાહનંદ તથા સર્વે કાર્યકર ભાઈ બહેનોએ સહકાર આપ્યો હતો.




# જખૌ તીર્થે ધામધૂમથી પર્યુષણ મહાપર્વની આરાધના કરાઈ





જખૌ તીર્થે જૈન સંઘ દ્વારા મહાપર્વ પર્યુષણની ભક્તિ આરાધના પ.પૂ.સા.શ્રી આનંદ કિરણાશ્રીજીની નિશ્રામાં સર્વાંગી રીતે ધામધૂમપૂર્વક સંપન્ન થઈ. પોથી પધરાવવાનો લાભ માતુશ્રી દમયંતીબાઇ લાલજી મુનવર પરિવાર તથા પ્રભુ મહાવીર સ્વામીના પારણાનો માતુશ્રી મુરબાઇ વેરશી જીવાણી અને માતુશ્રી લીલાવંતીબેન જેઠાલાલ છેડા પરિવારે લાભ લીધેલ. સ્વપ્નનું કુલ ધૃત ૫૮,૦૦૦ મણ અને કુલ ૯૩,૦૦૦ મણ થયેલ.

બહારગામ થી ૭૦ જણ તથા સ્થાનિક ૫૦ જણની સંખ્યામાં એક રસોડે સંઘ જમણનો લાભ લીધેલ. તપસ્વીઓએ સારી શાતામાં તપસ્યા કરેલ હતી.

**૮ ઉપવાસ**

અ.સૌ.દીપાબેન દામજી શિયાળ, કુ.જિનલ ચાંપશી હેફા

શ્રી વિજય કેશવજી મોતા (મૌન ૮ ઉપવાસ તથા તન-મન ટ્ર્સ લકી ડ્રો વિજેતા, તપસ્વી લાગલગાટ પાંચ વાર મૌન અઠાઇ કરેલ છે તથા તન -મન ટ્રર્સ લકી ડ્રો ૪ વખત વિજેતા થયા છે તપ નો જય જય કારથી સંઘ ધન્ય થયેલ છે.

જીવદયા ફંડમાં રૂા. ૫૪૦૦૦ જેટલી રકમ ભેગી થયેલ જેનું પશુ ખાદ્ય જખૌ પાંજરાપોળમાં ગૌધન આપી જીવદયાનું કામ કરેલ.






# શ્રી પારોલા તીર્થમાં ચાતુર્માસ દરમ્યાન ૫૫ દિવસીય થયેલ આરાધનાની ઝલક





શ્રી મહારાષ્ટ્ર રાજ્ય ખાનદેશ વિભાગે શ્રી પારોલા તીર્થની પવિત્ર ધરાઉપર વિશ્વશાંતિ દાયક ત્રિલોકનાથ શ્રી શાંતિનાથ જિન પ્રસાદે આષાઢ સુદ ૧૪ બુધવાર તા. ૨૫-૭-૨૦૧૮ થી ભાદરવા સુદ ૭ શનિવાર તા. ૨૫-૯-૨૦૧૮, ૫૫ દિવસીય આરાધના સાથે મહા પર્યુષણ પર્વની ઉજવણી તપચક્રવતી અચલગચ્છાધિપતિ શ્રીના આજ્ઞાવર્તિની શાસન પ્રભાવિકા પરમ વિદુષી સાધ્વીજી પ.પૂ.શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા શાંતસુધામય મૂર્તિ મહામગાત્મ મધુરરસ સમવાણી ધારક શ્રી પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.આદીઠાણા ૪ની નિશ્રામાં ભારત ભરમાંથી ૨૦૦ આરાધકો પારોલા તીર્થ આવ્યા હતા.

પ.પૂ.ગુરૂભગવંતોની નિશ્રામાં રાઈ પ્રતિક્રમણ-પ્રભુભક્તિ, પ્રક્ષાલ-સંતીકરણ અભિષેક, પૂજાપાઠ, દેવદર્શન, ચૈત્યવંદન, સ્નાત્ર ગુરૂવંદન, ભક્તામર, શ્રી શેત્રુંજય, લઘુકલ્પ યુગપ્રધાન દાદાગુરૂ શ્રી આર્યરક્ષિત મહારાજની જન્મ તિથિ નિમિત્તે ગુરૂ પાદુકા પૂજન, વર્ધમાન શક્રસ્તવ અભિષેક વ્યાખ્યાન તપ-જપ સામાયીક પ્રતિક્રમણ, રાત્રીભાવના, આરતી, મંગલદિવો. રોજનું નિત્યક્રમ ચાલતુ હતું. દર શનિવાર-રવિવારના પંચ કલ્યાણકપૂજન ભક્તામરપૂજન ૪૫ આગમ પૂજન વિવિધ અનુષ્ઠાનો થયા. સાથે તપ ક્રિયા અવનવી આરાધના, દેવવંદન, જ્ઞાન સાથે ગમ્મત અર્થ સાથે તત્વજ્ઞાન સંધ્યા ભક્તિ પણ ચાલુ હતી. રોજ એકાસણા, બેયાસણા, આયંબિલ, ઉપવાસ છઠ્ઠ અઠ્ઠમ તપની આરાધના ભાવિકોએ શાતા પૂર્વક કરેલ. બકરીઈદના દિવસે ૮૧ આયંબિલ તપસ્વીઓએ શાંત પૂર્વક કરેલ.

તા. ૧૫-૮-૨૦૧૮ ના પારોલા મહાજનશ્રી માજી પ્રમુખોના આદરાંજલી સભા, શ્રી નવકાર જાપ સાથે ત્રણે દિવંગતશ્રીઓના ફોટાનું અનાવરણ તથા મરણોત્તર માનપત્ર અર્પણ કાર્યક્રમમાં જ્ઞાતિના અગ્રણીઓ પ્રમુખ અતિથિ વિશેષ સાથે ત્રણસો ભાવિકો હાજર રહેલ. શ્રાવણ વદ ૧૩ ગુરૂવારથી પર્વ પર્યુષણની શરૂઆત થતા. ગામે ગામથી ભાવિકો સાથે આરાધકો મળી. ૨૨૫ શ્રાવક-શ્રાવિકા પારોલા તીર્થે પધાર્યા હતા. પર્વની આરાધના બહુજ ભાવભક્તિ સાથે આત્મીયતાથી કરેલ. પોથી તથા સંતિકરન અભિષેક શા. દામજી શામજી પોલડીયા (ગોએરસમા) પરિવારે લાભ લીધેલ. રાત્રી જાગરણ બહુજ ઉલ્હાસપૂર્વક ભક્તિ કરેલ. સવારના ૮.૩૦ કલાકે રથ યાત્રા સાથે પોથીનો વરઘોડો સાથે ગુરૂભગવંત સાજ મહાજન ધર્મપ્રભાવના કરેલ. કલ્પસુત્ર પ.પૂ.ગુરૂભગવંતોને વ્હારાવેલ પાંચ જ્ઞાનપૂજન કરી ગુરૂભગવંતોએ કલ્પસૂત્ર વાંચન કરેલ. ભાદરવા સુદ ૨, સ્વપ્નદર્શન, મહાવીર જન્મ વાંચન કરી. વીરપ્રભુનો પારણો માતુશ્રી સેવંતીબાઈ વર્ધમાન લોડાયા (કોઠારા) પરિવારે બહુજ ઉમંગથી પધરાવેલ. રાત્રી જાગરણ બહુંજ ભક્તિભાવના સાથે રમઝટ કરેલ. સ્વપ્ના સાથે પારણાના ચઢાવા ૨૩૩૫૦૦ મણ થયેલ છે. પર્વ પર્યુષણ મહાપર્વમાં ૧ માસખમણ, ૪ સોળ ઉપવાસ, ૧૧ ઉપવાસ, ૧૨ અઠ્ઠાઈ તપ, અઠ્ઠમ, છઠ્ઠ તપ, આયંબિલ, એકાસણા-બેઆસણા સાથે અક્ષયનિધિ તપની આરાધના બહુંજ શાતાપૂર્વક થયેલ. ભાદરવા સુદ ૪, ગુરૂવારનાં શ્રી સંઘ તરફથી તપસ્વીઓના બહુમાન માતોશ્રી હિરાવંતીબેન તલકચંદ નાગડા અમલનેર પરિવારે લાભ લીધેલ. તનમન ટુર એન્ડ ટ્રાવેલ્સ વાલા તરફથી તપસ્વીઓની સમ્મેત શિખર યાત્રાના આયોજન કરેલ તેમાં લકી ડ્રો તપસ્વી માતુશ્રી પુષ્પાબેન અમરચંદ ગડા(રાયણ) બોરીવલીનું નામ જાહેર થયેલ.

## શ્રી પારોલા તીર્થમાં ચાતુર્માસ દરમ્યાન ૫૫ દિવસીય... (૧૦મા પાનેથી ચાલુ)









શાલીભદ્રપેટી લાભાર્થી શા. દામજી શામજી પોલડીયા (ગોએરસમા) પરિવારે લાભ લીધેલ. ભાદરવા સુદ ૫. સંવત્સરીનાં દિને બારસાસુત્ર ગુરૂભગવંતોને વ્હોરાવાનું લાભ શઆ. શામજી દામજી પોલડીયા પરિવારે લીધેલ. પાચ જ્ઞાનપૂજન સાથે બારસૌસુત્રનામ પાના દર્શનનો લાભ માતુશ્રી વિજયાબાઈ શિવજી શિયાળ, ડોંબીવલી(તેરા) વાલાએ લીધેલ ને સંઘને પાનાદર્શન કરાવેલ. બારસૌસુત્ર વાંચન ગુરૂભગવંતોએ બહુંજ ભાવથી વાંચી સંભળાવેલ. ભાવિકોએ ખુબજ ભાવભક્તિ શ્રદ્ધાસાથે આત્મીયતાથી સાંભળેલ. બારસૌસુત્રની આરતી મંગળદિવાનો લાભ મા. હિરાવતી તલકચંદ નાગડા, વેલબાઈ ઠાકરસી મોતા લીધેલ. ચૈત્યપરિપાટીનાં સંઘપતી શ્રી. અશોક લાલજી પોલડીયા જલગામ લાભ લઈ સંઘને ચૈત્યપરિપાટી કરાવેલ. બપોર અને સાંજના સંવત્સરી પ્રતિક્રમણ કરી રાત્રે ભાવનાની રમઝટ કરેલ. ભાદરવા સુદ ૬ સવારનાં દ્વાર ઉદ્‌ઘાટન શા. દામજી શામજી પોલડીયા પરિવારે લીધેલ. તપસ્વીઓના પારણાનો લાભ માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ લાપસીયા નાંદેડ વાલાએ બહુ જ ઉત્સાહ-ઉમંગ, ભાવથી તપસ્વીઓના પારણા કરાવેલ. ૧૦ વાગે સવારના સામુદાયિક ક્ષમાપના સાથે જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરસીનાથા ફોટાને માલ્ય અર્પણ કાર્યક્રમ શરૂઆત કરતાં. પહેલા ગુરૂભગવંતોએ માંગલિક સંભળાવેલ. મંચ સ્થાપના શ્રી કાંતીલાલ દામજી પોલડીયા (ભુસાવલ), મુંબઈ મહાજનના મંત્રી રમેશ હિરજી લોડાયા (ડોંબિવલી), હર્ષદ લક્ષ્મીચંદ લાપસીયા (નાંદેડ), હરેશ અમરચંદ ગડા (બોરીવલી) અતિથી વિશેષ તરીકે સ્થાન ગ્રહણ કરેલ. ચિ.કુ. ઉર્વી અને પૂજા કિશોર લોડાયા (અમલનેર) એ સ્વાગતગીતથી સ્વાગત કરેલ. પ્રસ્તાવના શ્રીસંઘ તરફથી કરીને અતિથી વિશેષ મહાનુભઓનું બહુમાન શ્રીસંઘ તરફથી કરેલ. મહાનુભાવોએ પોતાનાં મંતવ્યો રજું કરીને તપસ્વિઓ-આરાધકો સાથે શ્રી સંઘની અનુમોદના કરી પ્રશંસા કરેલ. જ્ઞાતિશિરોમણી શેઠશ્રી નરસી નાથાના ફોટાને માલ્યાર્પણ પારોલા યુવક મંડળએ લાભ લીધેલ. સામુદાયિક ક્ષમાપના કરેલ.

શ્રી સંઘના દરેક કાર્ય જેવા સાધર્મિક ભક્તિ, ધાર્મિક અનુષ્ઠાન, તપ, સ્વપ્ન ચઢાવા. પોથી પારણા, દ્વાર ઉદ્‌ઘાટન, ચઢાવા સાથે ભક્તિમાં તન-મન-ધન થી સહકાર્ય કરી શ્રીસંઘના મુકુટમણી બની દાનવીરોએ જે પોતાની લક્ષ્મીનું સદ્‌પયોગ કરી ઉદારતાથી સહકાર્ય કરેલ તે દરેકનું શ્રીસંઘ અંતપૂર્વક સાથે આત્મીયતાથી અનુમોદના સાથે આભાર વ્યક્ત કરે છે. આવાસ અને ભોજન શાળા યોજનામાં પોતાના કાર્ય સમજીને સંઘના ૫૫ દિવસના કાર્યમાં મહેશભાઈ જવેરચંદ લોડાયા (પારોલા)તેમજ માતુશ્રી ચેતનાબેન પિતાંબર ખોના (ખંડવા), કુ. ચંદ્રીકા


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

## શ્રી પારોલા તીર્થમાં ચાતુર્માસ દરમ્યાન ૫૫ દિવસીય... (૧૧મા પાનેથી ચાલુ)








પોલડીયા નાંદેડ સાથે વિજયભાઈ મૈશેરી (બોલ્લારી) જલગામ, નિલેશ, તારાચંદ લોડાયા (અમલનેર), વિજયભાઈ ટોકરસી નાગડા (શિરપૂર) શૈલેંદ્ર નારાણજી નાગડા (જલગામ), સૌ. પુષ્પાબેન ચંદુલાલ ડાઘા (પારોલા), ચંદનબેન કુંવરજી ખોના (પારોલા), સૌ. નિર્મલાબેન કાંતીલાલ પોલડીયા (ભુસાવલ), રતનબેન જવેરચંદ લોડાયા (પારોલા) જેમણે આમુલ્ય સમય આપી સંઘને સહકાર્ય કરેલ તેબદ્દલ અંતપૂર્વક આભાર વ્યક્ત કરી અનુમોદના કરે છે. તેમજ સાઉંડ સિસ્ટમ, સંગીતકાર, આયંબિલ, સાધુ-વૈય્યાવચ્છ, આંગી, પાણી વગેરેની વ્યવસ્થા દરેક સેવાભાવી ભાઈઓ, પારોલા સ્થાનિક શ્રાવક-શ્રાવિકોએ શ્રીસંઘમા નિસ્વાર્થ ભાવે તમ-મનથી સેવા આપેલ જેમને બે મહિના પારોલામાં રહી શ્રીસંઘના વીર સૈનિક બની શ્રીસંઘની શોભા વધારેલા શ્રીસંઘ એમની અંતપૂર્વક અનુમોદના કરે છે. શ્રી સંઘના મેહતાજી દિલીપભાઈ, પૂજારી નવીનભાઈ, કર્મચારી વર્ગ એમને પણ તન-મનથી સેવા આપી અને શ્રી સંઘને સહકાર્ય કરેલ.

## બાયઠ ગામમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વની શાનદાર આરાધના

સંવત ૨૦૭૪ના પર્યુષણ પર્વની શાનદાર ઉજવણી થઈ, બુધવાર તા. ૫-૬-૨૦૧૮થી ભાદરવા સુદ શુક્રવાર તા.૧૪-૯-૨૦૧૮ સુધી દસ દિવસની સાધાર્મિક ભક્તિ વિવિધ દાતાઓશ્રી તરફથી થયેલ.

પર્વની આરાધના કરાવવા આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠથી પૂ. બેનશ્રી મુલબાઈ મણીલાલ ખીમસરીયા સાભરાઈવાળાએ અતિ સુંદર આરાધના કરાવેલ.

કલ્પસૂત્ર(પોથી) પધરાવવાનું ધૃત ૧૧૧ મણમા માતૃશ્રી નિર્મલાબેન રતિલાલ નાગડા પરિવાર, પોથીના વરઘોડામાં રથના સારથી તથા રથમા પ્રભુજીને લઈને બેસવાનો લાભ માતૃશ્રી ચાંપુબાઈ માણેકજી બોરિયા પરિવારે તથા પ્રભુજીની લુણગીરી બનવાનો લાભ કુ. પલક નિલેશ પોલડીયાએ લાભ લીધેલ. પોથીના જાગરણમાં સંગીતકાર નરેશભાઈ અને પાર્ટી એ સ્તવન તથા દાંડીયા રાસની રમઝટ જમાવેલ. શ્રાવણ વદ ૧૪ના રાતના શ્રી મહાકાળી માતાજીની ભાવના માતૃશ્રી વિજયાબેન લાલજી ગોસર તરફથી ભણાવવામાં આવેલ.

ભાદરવા સુદ ૨ (બીજ)ના સ્વપ્નનું કુલ્લ ધૃત મણ ૫૮૭૯૧ થયેલ

★ ૩૧૧ મણ મોક્ષની બારી ઉઘાડવાનું :- માતુશ્રી સુશીલાબેન મણીલાલ દંડ પરિવાર

★ ૩૫૧ મણ ચૌદ સ્વપ્ન ઉપરથી નીચે ઉતારવાનો લાભ :- માતુશ્રી મેઘબાઈ કેશરજી પીર પરિવાર.

રૂા. ૧૦૫૧ માં સ્વપ્નના લાભાર્થીને તિલક કરવાનો ચડાવો :- માતુશ્રી મેઘબાઈ કેશરજી પીર પરિવાર.

★ ૩૫૫૨ મણ પહેલું સ્વપ્ન ગજરાજ :- ૧૫૫૧ મણ હિનલ વિરેન્દ્ર લોડાયા પરિવાર (ઝૂલાવવાના).

૨૦૦૧ મણ હેમરાજ મેઘજી ગોસર પરિવાર (પધરાવવાના).

★ ૩૧૦૨ મણ બીજું સ્વપ્ન વૃષભ :- ૧૫૫૧ મણ માતુશ્રી મણીબાઈ ધનજી ગોસર પરિવાર (ઝૂલાવવાના).

૧૫૫૧ મણ માતુશ્રી વિમલાબેન માણેકજી નેણશી દંડ પરિવાર (પધરાવવાના).

## બાયઠ ગામમાં પર્વાધિરાજ પર્યુષણ પર્વની શાનદાર આરાધના (૧૨મા પાનેથી ચાલુ)

★ ૩૨૫૨ મણ ત્રીજું સ્વપ્ન કેસરીસિંહ :- ૧૬૦૧ મણ મહેક બ્રીજેશ નાગડા (ઝૂલાવવાના).
૧૬૫૧ મણ મહેક બ્રીજેશ નાગડા (પધરાવવાના).

★ ૧૬૦૦૨ મણ ચોથું સ્વપ્ન શ્રી મહાલક્ષ્મીજી :- ૧૦૦૧ મણ માતુશ્રી નિર્મલાબેન રતિલાલ નાગડા (ઝુલાવવાના).
૫૦૦૧ મણ મહેક બ્રીજેશ નાગડા પરિવાર (પધરાવવાના).

★ ૩૦૦૨ મણ પાંચમું સ્વપ્ન શ્રી ફુલની માળા :- ૧૭૦૧ મણ માતુશ્રી ચણીબાઈ ધનજી રતનશી ગોસર (ઝૂલાવવાના).
૧૩૦૧ મણ શ્રી નરશી રાયશી પીર ડીગ્રસ (પધરાવવાના).

★ ૨૭૫૨ મણ છઠ્ઠુ સ્વપ્ન શ્રી ચંદ્રમા :- ૧૫૦૧ મણ માતુશ્રી દમયંતીબેન ઊમરશી પોલડીયા પરિવાર (ઝૂલાવવાના).
૧૨૫૧ મણ માતુશ્રી નવલબેન દેવજી લખમશી પોલડીયા પરિવાર (પધરાવવાના)

★ ૨૪૬૩ મણ સાતમું સ્વપ્ન સૂર્ય :- ૧૨૫૧ મણ આદિવા અભય પોલડીયા પરિવાર (ઝૂલાવવાના).
૧૨૧૨ મણ આરયા જય વિરેન્દ્ર લોડાયા (પધરાવવાના).

★ ૨૧૫૨ આઠમું સ્વપ્ન શ્રી ધર્મની ધજા :- ૧૧૦૧ મણ માતુશ્રી કુંવરબાઈ ટોકરશી ઊમરશી છેડા(ઝૂલાવવાના)
૧૦૫૧ મણ માતુશ્રી ધનબાઈ ખીમજી ગોસર પરિવાર (પધરાવવાના)

★ ૨૦૦૨ નવમું સ્વપ્ન કળશ :- ૧૦૦૧ મણ માતુશ્રી લક્ષ્મીબાઈ ડુંગરશી ગોસર હૈદ્રાબાદ (ઝૂલાવવાના)
૧૦૦૧ મણ ફોરમ-ડીન્કલ પરેશ નારાણજી ગોસર (પધરાવવાના)

★ ૨૫૨૫ મણ દસમું સ્વપ્ન પદમ સરોવર :- ૧૩૧૩ મણ માતુશ્રી મંજુલાબેન મેઘજી રામજી પોલડીયા હ. નિલેશભાઈ (ઝૂલાવવાના), ૧૨૧૨ મણ મણીબાઈ ડુંગરશી ટોકરશી દંડ (પધરાવવાના)

★ ૬૯૬૯ મણ અગિયારમું સ્વપ્ન વહાણ :- ૪૪૪૪ મણ માતુશ્રી હિરેન મણીલાલ ડુંગરશી દંડ (ઝૂલાવવાના)
૨૫૨૫ મણ માતુશ્રી સોનબાઈ મેઘજી ગોસર (પધરાવવાના)

★ ૩૭૫૨ બારમું સ્વપ્ન શ્રી દેવ વિમાન :- ૨૫૦૧ મણ ઠાકરશી મેઘજી હીરજી ગોસર (ઝૂલાવવાના)
૧૨૫૧ મણ ખામજી કાનજી ડુંગરશી ગોસર (પધરાવવાના)

★ ૨૪૨૪ મણ તેરમું સ્વપ્ન શ્રી રત્નની રાશી :- ૧૨૧૨ મણ કાંતાબાઈ હીરાલાલ પારોલા (ઝૂલાવવાના)
૧૨૧૨ મણ મિતેશ ઊમરશી પોલડીયા (પધરાવવાના)

★ ૩૩૦૨ મણ ચૌદમું સ્વપ્ન શ્રી અગ્નિ શીખા :- ૨૦૦૧ મણ શામજી મુરજી પોલડીયા પારોલા (ઝૂલાવવાના)
૧૩૦૧ મણ ઈન્દુમતીબેન ગોવિંદજી પોલડીયા (પધરાવવાના)

★ ૮૭૮ મણ પ્રભુજીનું પારણું :- ૭૭૭ મણ વિરલ નવીન નારાણજી ધુલ્લા (ઝૂલાવવાના)
૧૦૧ મણ વર્તમાન ટ્રસ્ટબોર્ડના ટ્રસ્ટીગણ (પધરાવવાના)

સ્વપ્નનું કુલ્લ ધૃત મણ ૫૮૭૯૧ તથા પર્વના કુલ ધૃત મણ ૭૧,૪૩૭

પયુષણ પર્વમાં મુંબઈ દેશાવર, સ્થાનિક કચ્છથી કુલ ૪૫ જણ પર્વ આરાધના કરવા આવેલ.

ભાદરવા ૪ના તપસ્વીઓ આરાધક તથા કર્મચારીઓનું સન્માન કરવામાં આવેલ.

ભાદરવા સુદ ૬ના સવારના શ્રી મહાવીર સ્વામી તથા શ્રી આદેસરજી પ્રભુજીના ગંભારા ખોલવાનું (દ્વારોધ્ધાટન) કરવાનો લાભ માતુશ્રી રતનભાઈ વેલજી આણંદજી પોલડીયા પરિવાર હસ્તે ધનરાજભાઈ એ લીધેલ.

તપસ્વીઓના પારણા કરાવવાનો લાભ કુ. પલક-લબ્ધિ નિલેશ પોલડિયા પરિવારે લીધેલ.

ભાદરવા સુદ ૬ના પ્રાતઃસ્મરણીય શેઠશ્રી નરશીનાથાજીની છબીને હાર પહેરાવવાનો લાભ માતુશ્રી મણીબાઈ લાલજી પોલડીયા પરિવારે લીધેલ ત્યાર બાદ પારણાનો વરઘોડો ધામધૂમથી નીકળેલ.

સામુહિક ક્ષમાપના નૂતન ઉપાશ્રય મધ્યે કરવામાં આવેલ. ભાદરવા સુદ ૭ના ચૈત્યપરિપાટી રૂપે હાલાપર, ડુમરા, સાંયરા, કોઠારા, દેવપર, ગઢશીશા તથા મોરાવા ગયેલ. સંપૂર્ણ ચેત્યપરિપાટીનો લાભ માતુશ્રી ગોરબાઈ માયાભાઈ ધુલ્લા પરિવારે લીધેલ.

# પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ આંગી ના દર્શન
## શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર
### શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘ (માટુંગા સે. રે.)


1 તા. 06/09/2018


2 તા. 07/09/2018


3 તા. 08/09/2018


4 તા. 09/09/2018


5 તા. 10/09/2018


6 તા. 11/09/2018


7 તા. 12/09/2018


8 તા. 13/09/2018

# શ્રી સુવિધિનાથ જૈન દેરાસરમાં પર્યુષણ પર્વ

તિરપુર શ્રી સુવિધિનાથ જૈન દેરાસરનામાં પર્યુષણ પર્વ ધામધૂમથી ઉજવાયેલ પ.પૂ.ગુરૂપર્ય હેમ્પ્રભાસીજી મ.સા.ની સુશિષ્યા, પ.પૂ.શ્રી પ્રમુદિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.શ્રી મનનપ્રિયાશ્રીજી મ.સા.આદિ થાણા ૨ તા.૫-૯-૨૦૧૮ થી તા. ૧૪-૯-૨૦૧૮ સુધી આરાધના કરાવેલ. રોજ સવારના પક્ષાલ પૂજા, સ્નાત્ર પૂજા, વ્યાખ્યાન, મોટી પૂજા, રાતના ભક્તિ ભાવનામાં બહોળી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો ભાગ લીધેલ.



માનસી રાહુલ નાગડા
૮ ઉપવાસ



મિનલ દિલીપ નાગડા
૮ ઉપવાસ

કલ્પસૂત્ર પધારવાનો લહાવો શ્રી ધનરાજ નાનેશા પરિવાર લીધો અને વોરવાનો લાવો શ્રી જૈન બટન હાઉસ પરિવારે લીધો. પ્રભુનો પારણું પધારવાનું લાવો શ્રી પ્રશાંત ગુલેયા પરિવારે લીધો. તા. ૧૪-૯-૨૦૧૮ના સમુહ ક્ષમાપના તપસ્વીઓનું બહુમાનનું કાર્યક્રમ રાખવામાં આવેલ. એક સિધ્ધિતપ, ૨ માસશ્રમણ, ૧૪ અઠાઈ તથા નાની મોટી તપસ્યા બને સંઘોમાં થયેલ. તા.૧૫-૯-૨૦૧૮ સવારના ૬.૩૦ વાગે વાજતે ગાજતે શ્રી સુવિધિનાથ દેરાસર સુધી ચૈત્યપરીપાટી કરેલ. નાગડા પરિવારમાંથી અ.સૌ. મિનલ દિલીપ નાગડા તથા અ.સૌ. માનસી રાહુલ નાગડા અઠાઈ તપસ્યા કરેલ. અ.સૌ. સ્મીતા સતીષ નાગડા અને સતીષ હંસરાજ નાગડા કસાય તપસ્યા કરેલ.




## શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન - ગદગમાં પર્યુષણ પર્વ આરાધના

પર્યુષણ પર્વ દર વર્ષની જેમ મહાજનશ્રીના નેજા હેઠળ રૂડી રીતે ઉજવાયેલ. મુંબઈથી આરાધના કરાવવા શ્રીમતી પૂષ્પાબેન નાગડા તથા કુમારી કાજલ મૈશેરી પધાર્યા હતા. તેમણે ખૂબજ સુંદર રીતે આરાધના કરાવેલ. આ વર્ષે મુંબઈથી સંગીતકાર રિદ્ધિ આર્ટના શ્રી પ્રવીણભાઈ હરીયા તેમની મંડળી સાથે પધારેલ તથા ભક્તિ ભાવનામાં સારી એવી રમઝટ જમાવેલ.

શ્રી કલાસુત્ર મણ ૨૦૧માં શ્રી પૂણ્યગુણ સમુહ સામાયિક મંડળે પધરાવેલ. તા. ૯-૯-૧૮ના શ્રી પાર્શ્વ કચ્છી યુવા મંડળે સ્નાત્રપૂજા ભણાવેલ. પ્રભાવના તથા સાધર્મિક ભક્તિને લાભ લીધેલ સ્વપ્નને કુલ ઘી મણ ૧૩૬૦૧૧ થયેલ પારણા શ્રીમતી જવેરભાઈ સોમચંદ ખોના પરિવારે મણ ૧૧૧૧૧ માં પધરાવેલ. મહાજન શ્રી તરફથી સાંજી આપવામાં આવેલ આ વર્ષે ૮ ઉપવાસવાળા ૬ જણ હતા. બારસા સુત્રનું વાંચન મુંબઈથી પધારેલ શ્રી ચિરાગભાઈ સંગોઈએ સુત્રનો અર્થ સમજાવેલ.

ભાદરવા સુદ છઠના સન્માન તથા સામુહિક ક્ષમાપના કરેલ શેઠશ્રી નરશીનાથાની છબીને ફૂલનો હાર પહેરાવાનો ચઢાવો રૂા. ૩૩૩૩ માં જીવન સંધ્યાએ લીધેલ. કાર્યક્રમ બાદ સ્વામી વાત્સલ્ય જમણ રાખવામાં આવેલ, આમ ખૂબજ ઉત્સાહ અને ઉમંગ પૂર્વક પર્યુષણપર્વની ઉજવણી કરવામાં આવેલ. ભાઈશ્રી સંજય મોતા તથા શ્રીમતી વિમલા મોતાએ બધાને રોજ સ્વાદિષ્ટ જમણ જમાડેલ. આ વર્ષે ચૈત્ય પરિપાટી રૂપે જાન્યુઆરી માસમાં શ્રી મહાજનશ્રી દ્વારા શ્રી સમેતશીખરજીની યાત્રા કરાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેને સારો એવો પ્રતિસાદ મળેલ છે.

## શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલી આયોજિત ચૈત્યપરિપાટી

શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલી દ્વારા ભાદરવા વદ - ૧૨, શુક્રવાર, તા. ૦૫.૧૦.૨૦૧૮ થી ભાદરવા વદ -૩૦, સોમવાર, તા.૦૮.૧૦.૨૦૧૮ ચૈત્યપરિપાટી રૂપે ઝગડીયા તીર્થ, કાવી તીર્થ, મણીલક્ષ્મી તીર્થ, ખંભાત અને વડોદરા તથા આજુબાજુના તીર્થોના દર્શન - વંદન કરવાનું આયોજન થયેલ છે. ત્યાં આવવા - જવા માટે ૧૫૦ યાત્રિકોની રેલ્વેની કન્ફર્મ ટીકીટો, મણીલક્ષ્મી તીર્થે રાત્રી રોકાણ માટે રૂમો બુક થઇ ગયેલ છે. રવિવાર, તા. ૨૩.૦૯.૨૦૧૮ના મંડળના કાર્યાલયમાં સવારે ૮:૩૦ કલાકે યાત્રા - પ્રવાસની રૂપરેખા, રેલ્વે ટીકીટોની માહિતી, નિયમો અને અન્ય જાહેરાતો કરવામાં આવશે. નામ લખાવેલ સર્વે યાત્રિકોએ પરિવાર દીઠ ફરજીયાત મંડળમાં સમયસર આવવાનું રહેશે. યાત્રા પ્રવાસ કન્વીનર - શ્રી ચેતન લહેરચંદ નાગડા (નલીયા) - ૯૮૨૦૧૦૫૦૭૮

## જખૌ મહાજન દ્વારા અનુમોદના



જખૌ (કચ્છ) માં જીનાલયનું જીર્ણોદ્ધાર ચાલુ છે. જેના જીર્ણોદ્ધાર માટે શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડોના ટ્રસ્ટ દ્વારા રૂા. ૧૧,૧૧,૧૧૧/- નું માતબર દાન જીર્ણોદ્ધાર માટે મળેલ, તેમજ તાજેતરમાં શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક આગાશી અચલગચ્છ જૈન સંઘ ગામ-આગાશીસંઘ અને સંઘના ટ્રસ્ટીશ્રીઓ વતી ટ્રસ્ટીશ્રી મુલચંદભાઈ મુનવરે રૂા. ૨,૦૦,૦૦૦/- નો જીર્ણોદ્ધાર ફંડ માટે નો ચેક જખૌ મહાજનના ચેરમેન શ્રી રાયચંદભાઈ જીવાણીને સુપ્રત કરેલ હતો. આ ટ્રસ્ટ અને સંઘની જખૌ મહાજન વતીથી ચેરમેનશ્રી એ ખૂબ ખૂબ અનુમોદના કરેલ હતી.




# ચાલો ચતુર્થ સંમેલનમાં સહભાગી થઈએ

સમસ્ત મહાજનના ચતુર્થ સંમેલન તા.૨૩ થી ૨૫ ડિસે. ૨૦૧૮ બાબત જ્ઞાતિના મહાજનો એવં જ્ઞાતિજનો જોગ.

જ્ઞાતિનું ચતુર્થ સંમેલન ક.દ.ઓ.જૈન મહાજન, નલિયાના યજમાન પદે કચ્છ નલિયામાં ૨૩થી ૨૫ ડિસે. ૨૦૧૮ના યોજવાનું નક્કી થયેલ છે. સંમેલન સાથે યુવા એવં મહિલાનું પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન પણ યોજાશે. સંમેલનમાં ૮૦૦, યુવામાં ૩૦૦ અને મહિલામાં ૩૦૦ મળીને કુલ ૧૪૦૦ પ્રતિનિધિઓ હાજર રહેશે. તે સાથે આમંત્રિતો પણ પધારશે.

૧) દરેક મહાજનને પોતાના વિભાગના પ્રતિનિધિઓ નીમીને સમસ્ત મહાજનને જણાવવાનું કહેવામાં આવેલ. પ્રતિનિધિ નીમીને ન જણાવ્યા હોય તો તુરંત વિગત સહિત જણાવશો. અને પ્રતિનિધિને તા.૨૨ ડિસે. ૨૦૧૮ના ભુજ અથવા ગાંધીધામ સ્ટેશને પહોંચવા તાકીદ કરશો. ત્યાંથી વાહન દ્વારા નલિયા જવાનું થશે. રજીસ્ટ્રેશન કરાવીને તેમને ફાળવેલ સ્થળે મૂકી આવશે. રોજ દરેકને નલિયા તેડી લાવવા તેમજ રાતના ઉતારા સ્થળે મૂકી આવવાની વાહન વ્યવસ્થા રહેશે.

૨) સંમેલનમાં આપના મહાજનશ્રીને જ્ઞાતિને લગતી સમસ્યાઓ અંગે ચર્ચા થાય, ઠરાવ થાય, તે બાબતે રજુઆત કરવાની હોય તો વિગતે જણાવશો. જ્ઞાતિજનો પણ પોતાના વિચારો જણાવી શકે છે. આ બધા સુઝાવ ૩૧-૧૦-૨૦૧૮ સુધી મળી જવા જોઈશે.

૩) આપના ગામમાં રહેતા કોઈ જ્ઞાતિજને શિક્ષણ, વ્યવસાય, સામાજિક ક્ષેત્રે, ખેલકૂદ, વ્યવસાયિક સંસ્થાઓમાં સેવાક્ષેત્રે, રાજકારણ, વગેરેમાં રાજ્યસ્તરે/રાષ્ટ્રીય સ્તરે કીર્તિમાન હાંસલ કરેલ હોય તેમની સંપૂર્ણ વિગત ફોટો, ફોન નં. સાથે મોકલશો. જેમના નામ બહુમાન માટે નક્કી થશે તેમને સમયસર જણાવા આ વિગતો ૩૧-૧૦-૨૦૧૮ સુધી મોકલશો.

